સંદેશ

https://sandesh.com/narayan-rane-inauguration-of-msme-library-in-gandhinagar/

# 'ચીનમાં MSME બંધ થઈ રહી છે તેનો ગુજરાતે લાભ લેવો જોઈએ'

December 4, 2021 | 10:57 pm IST

788 Share




• અમદાવાદમાં કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેએ MSME ટાવરનું ઉદ્ઘાટન કર્યું

કેન્દ્રીય MSME મંત્રી નારાયણ રાણેએ શનિવારે અમદાવાદ ખાતે નવા બનેલા MSME ટાવરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ તકે નારાયણ રાણેએ જણાવ્યું હતું કે ચીનમાં MSME ક્ષેત્રે કેટલીક ઈન્ડસ્ટ્રીઝ બંધ થઈ રહી છે. જેનો ફાયદો ગુજરાતના MSME ક્ષેત્રના લોકોએ ઉઠાવવો જોઇએ. આ તકે તેમણે ઉદ્યોગના ચાવીરૂપ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો હતો.

શહેરના સોલામાં સાયન્સ સિટી રોડ પર નવનિર્મિત MSME ટાવર 7,237 ચો.મી.નો બિલ્ટ અપ એરિયા ધરાવે છે. જેમાં 6 સ્તર આવેલા છે. આ ઓફિસમાં એક્ષપોર્ટ ફેસિલિટેશન સેલ અને આંત્રપ્રિન્યોરશીપ ફેસિલિટેશન સેન્ટર આવેલા છે.

MSME ટાવરના ઉદ્ઘાટન બાદ પોતાના સંબોધનમાં નારાયણ રાણેએ જણાવ્યું હતું કે, આ નવી ઇમારત જેટલી અંદર અને બહારથી સુંદર અને સુવિધાજનક છે તે જ સુંદરતાથી તેમાં કામ થવું જોઇએ. ગુજરાત MSME ક્ષેત્ર પાસે અને સંભાવનાઓ રહેલી છે. ચીનમાં MSME ક્ષેત્રે કેટલીક ઈન્ડસ્ટ્રીઝ એવી છે જે બંધ થઇ રહી છે. ગુજરાત MSME ક્ષેત્રના લોકોએ તેનો અભ્યાસ કરીને ચીનમાં બંધ થતી ઈન્ડસ્ટ્રીઝ અહીં શરૂ કરવા માટે પ્રયાસો કરવા જઇએ.

તેમણે વધુમાં કહ્યું કે ગુજરાતના MSMEની ભૂમિકા ખુબ અગત્યની રહી છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો કૃષિ ક્ષેત્ર પછી દેશના અર્થતંત્રમાં દેશના 40 ટકા આઉટપુટ, દેશની 49 ટકા નિકાસ અને રોજગારી પુરી પાડવાની સાથે મહત્વનું યોગદાન આપી રહ્યું છે. રાણેએ ગ્લોબલ આંત્રપ્રિન્યોરશીપ મોનિટર ઈન્ડિયા રિપોર્ટ 2020-21 જાહેર કર્યો હતો. કોફી ટેબલ બૂક- લૂમ ટૂ મોલનું લોકાર્પણ કર્યું હતું. તેમના હસ્તે ઇમર્જિંગ, ગ્રોઇંગ અને સ્પેશિયલ જ્યૂરી એવોર્ડ કેટેગરીમાં ગુજરાત સ્ટાર્ટ અપ એવોર્ડ 2021 એનાયત કરાયા હતા.

સંજય રાઉત કોણ છે, તેના કહેવાથી ઈન્વેસ્ટમેન્ટ રોકાવાનું છે?
નારાયણ રાણેએ શિવસેના સાંસદ સંજય રાઉતને આડેહાથ લીધા હતા. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુંબઇ મુલાકાત દરમિયાન સંજય રાઉતે આપેલા નિવેદન પર નારાયણ રાણેએ જણાવ્યું કે, કોણ છે સંજય રાઉત? તમે એનું કેમ સાંભળો છો. શું સંજય રાઉત મુખ્યમંત્રી છે? સંજય રાઉતના કહેવાથી ઈન્વેસ્ટમેન્ટ થોડું રોકાવાનું છે. સંજય રાઉત ગુજરાત માટે સારા નથી, માટે તેમનું કવરેજ ના કરવું જોઇએ અને તેમને ટીવીમાં ના દેખાડવા જોઇએ.

જણાવી દઇએ કે, ભૂપેન્દ્ર પટેલની મુંબઇ મુલાકાત દરમિયાન સંજય રાઉતે કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી અડધી કેબિનેટને લઇને અહીં આવી ગયા છે. શું વાઇબ્રન્ટ ગુજરાત મુંબઇને ખતમ કરી નાંખશે?